અરવલ્લી જીલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવા પ્રબળ લોકમાંગણી

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં ઠેર-ઠેર પીવાના પાણીની અને ઘાસચારાની વિકટ સમસ્યા સર્જાતા ખેડુતો, પશુપાલકો અને પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. નવરચિત અરવલ્લી જીલ્લામાં છ તાલુકાઓ આવેલા છે. અરવલ્લી જીલ્લાના પ્રજાજનો ખેતી અને પશુ પાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં અબાલ-વૃધ્ધ, નાના, મોટા સૌ-કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગરમીનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રી સુધી પહોંચતાં પ્રજાજનો, પશુ-પંખીઓ તોબા-તોબા પોકારી રહ્યા છે. અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીએ અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાને અછતગ્રત જાહેર કરવા અરવલ્લી જીલ્લા કલેકટરને લેખિતમાં ભલામણ કરેલ છે. નવરચિત અરવલ્લી જીલ્લામાં છ તાલુકાનો સમાવેશ કરાયેલ છે. જેમાં ભિલોડા, મેઘરજ, માલપુર, મોડાસા, ધનસુરા, બાયડ તાલુકામાં ગત વર્ષે ચોમાસામાં વરસાદ ઓછો આવેલ હતો. જેના કારણે પીવાના પાણીની,ઘાસચારાની વિકટ સમસ્યા દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડા, મેઘરજ, માલપુર તાલુકાઓમાં પશુઓ માટે પુરતા પ્રમાણમાં ઘાસચારો પણ ઉપલબ્ધ નથી. આ વિકટ પરીસ્થિતીનું સંકટ ધીમે-ધીમે વધુ મજબુત બનશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

કેન્દ્ર સરકારની મહાત્મા ગાંધી રોજગાર ગેરેન્ટી(મનરેગા)યોજના હેઠળના કામો વિવિધ તાલુકાઓમાં જે પ્રમાણે ચાલું થવા જોઈએ તે પ્રમાણે આજ દિન સુધી થયેલ નથી જેના કારણે બેરોજગારીનો વિકટ પ્રશ્ન ઉભો થયેલ છે.અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના અંતરીયાળ, ડુંગરાળ ગ્રામિણ વિસ્તારોમાં પીવાના પાણીની અને ઘાસચારાની સમસ્યા ઉદ્‌ભવી રહી છે. પ્રજાજનોને રોજગારીની હાલના તબક્કે તાતી જરૂરીયાત હોઈ અરવલ્લી જીલ્લાને તાત્કાલીક ધોરણે અછતગ્રસ્ત જાહેર કરવા અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી ધ્વારા કલેકટરને ભલામણ કરાઈ છે.

પાલનપુર કોંગ્રેસના લોક દરબારમાં સર્જાઈ ભારે અવ્યવસ્થા

રાજ્યની ભાજપ સરકારની નિષ્ફળતાઓ સામે પ્રજાની લાગણીને વાચા આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ધ્વારા લોક દરબારનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે. જેમાં પાલનપુર ખાતે બનાસકાંઠા જીલ્લાનો લોક દરબાર યોજવામાં આવ્યો હતો. જોકે, પાલનપુરના લોક દરબારમાં ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. જેના પગલે લોક દરબાર વહેલો આટોપી લેવાયો હતો. પાલનપુર ખાતે કોંગ્રેસ ધ્વારા બનાસકાંઠા જીલ્લાનો લોક દરબાર યોજવામાં આવ્યો હતો. જેમાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી, અર્જુન મોઢવાડિયા અને સિદ્ધાર્થ પટેલ સહિતના કોંગી આગેવાનો હાજર રહ્યા હતા. જેઓએ રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકાર સામે વેધક પ્રહારો કર્યા હતા. તેવોએ ભાજપ સરકારની જનવિરોધી નીતિઓની આલોચના કરી હતી. જોકે, કાળઝાળ ગરમીના પ્રકોપ વચ્ચે યોજાયેલા લોકદરબારમાં ભારે ધસારા વચ્ચે અવ્યવસ્થા સર્જાઈ હતી. લોકો રજૂવાત માટે સ્ટેજ સામે ટોળા રૂપે ધસી આવતા ખુદ નેતાઓને પણ પરસેવો વળી ગયો હતો. અંતે કોંગ્રેસના નેતાઓને લોક દરબાર વહેલો આટોપી લેવાની ફરજ પડી હતી. કોંગ્રેસ અગ્રણીઓએ જીલ્લાભરમાંથી આવેલા અરજદારોની લેખિત રજૂઆતો લઈને ચાલતી પકડી હતી.

કડી કોટન માર્કેટ યાર્ડ ખાતે જિલ્લા કક્ષાનો કૃષિ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લાના કૃષિ મહોત્સવ કડી કોટનમાર્કેટ યાર્ડ ખાતે જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગાએ ગ્લોબલ વોર્મિંગની પલટાતી સ્થિતિ સામે ચિંતા વ્યક્ત કરતાં કુદરતી સ્ત્રોતોનો સમજપૂર્વકનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. તેમણે નવીન ટેકનોલોજીના સથવારે પાણીના મર્યાદિત સ્ત્રોતનો ઉપયોગ કરવા તેમજ ટપક સિંચાઈ પદ્ધતિને સ્વીકારવા અનુંરોધ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે ખેડૂતોને તજજ્ઞોનું મળી રહેલું માર્ગદર્શન સફળ રહ્યું છે અને કૃષિ મહોત્સવ કારણે ખેડૂતોનું જીવનધોરણ પણ ઉપર આવ્યું છે. ગુજરાત રાજ્યનો કૃષિ મહોત્સવ ખેડુતો માટે પથદર્શક બની રહ્યો છે. તમેણે વધુમાં ઉમેર્યું હતું કે ખેડૂત જેટલો મોટો કોઈ વૈજ્ઞાનિક નથી, આજનો ખેડૂત વૈજ્ઞાનિક પ્રદ્ધતિ અપનાવીને ઉત્પાદન વૃદ્ધિ કરતો થયો છે. ખેડુતોએ ખેડ, પાણી અને બિયારણનો જરૂરીયાતપુર્ણ ઉપયોગ કરી મહત્તમ ઉત્પાદન મેળવવું જોઈએ તેમ જણાવ્યું હતું. પાણીની બચત માટે ગામોમાં મનરેગા યોજના તળે ચેક ડેમ બનાવવા માટે અપીલ કરી હતી. જિલ્લામાં ૧૫ કરોડ રૂપિયા ચેક ડેમ માટે આજ સુધી આપેલ છે. આ ઉપરાંત ગામમાં ચેકડેમની જરૂર હોય તો ગામ સ્તરેથી દરખાસ્ત કરવા પણ જણાવ્યું હતું.

ક્યારે આવશે બાયડમાં બાય પાસ : લોકોની માંગ

બાયડ, તા. ૧૫

ગાંધીનગરમાં બેઠેલા રાજ્યના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને તેમના મંત્રીઓ બાયડ નગરના બાય પાસ માટે વિચારે છે કેમ? નગરજનો આ બાબતનો જવાબ માંગે છે. પ્રજાજનોનું કહેવું છે કે જ્યારે કોઈ રાજકારણીનો કે તેના પરીવારજનોનો અકસ્માત થાય ત્યારે તેમની બુદ્ધી ઠેકાણે આવશે તેવું નગરમાં ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લા કલેક્ટરને વારંવાર બાયડ, ધનસુરા નગરમાં બાય પાસ માટે લેખીત અરજીઓ નગરજનો દ્વારા કરવામાં આવી હતી. તેમ છતાં બાયડ નગરમાં હજુ બાય પાસ માટે જગ્યા પણ જોવા આવી નથી. શું અધિકારીઓ અને રાજકારણીઓ એવું વિચારે છે કે પ્રજાનું જે થવું હોય તે થાય પણ આપણું ખીસ્સુ ભરાવવું જોઈએ એ કહેવત સાબીત કરે છે. બાયડ પાલિકાના પ્રમુખે રાજ્યના મંત્રી શંકરભાઈ ચૌધરીને બાય પાસ બાબતે રજૂઆત કરી તેમ છતાં શંકરભાઈ ચૌધરીએ આંખ આડા કાન કરી લોકસંવાદ સેતુ કાર્યક્રમ પૂર્ણ કરી જતા રહ્યા હતા. તે વખતે નગરની ભોળી પ્રજાને છેતરવા માટે પ્રજા માટે બાય પાસની મંજુરી અપાવવાની જવાબદારી અમારી સરકારની છે તેવી વાતો કરી ભોળી પ્રજાને છેતરીને ગયા અને ભોળી પ્રજા હજુ પણ બાય પાસની રાહ જોઈને બેઠી છે.

ધનસુરા, બાયડ નગરજનોએ હવે મનમાં નક્કી કરી લીધુ છે કે ૨૦૧૭ની ચૂંટણી પહેલા બાયડ, ધનસુરામાં બાય પાસ મંજુર નહી થાય તો ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તે વાત બજારમાં જોર ચર્ચાઈ રહ્યું છે. ધનસુરા ચાર રસ્તા પાસે અનેક યુવાનોનો અકસ્માતમાં મોત નિપજ્યા છે. અને તેમ છતાં તંત્ર હજુ ઘોર નિંદ્રામાં છે.

સરકાર હજુ કેટલાક મોતની રાહ જોશે, તંત્ર જાગશે ખરૂ? ગાંધીનગરમાં ઉંઘતી સરકાર છે કેમ? બાય પાસ માટે આંખ આડા કાન કરે છે. સરકારને ખબર નથી કે શું આગામી ૨૦૧૭ ચૂંટણી માટે મત માંગવાના છે કે કેમ? તેવું નગરજનોનું કહેવું છે. બાય પાસ નહીં મળે તો મત નહીં અને ચૂંટણીનો બહિષ્કાર સરકારને જગાડવા માટે બાયડ ધનસુરાની પ્રજાએ કર્યો છે. તેવું હાલનું ચિત્ર દેખાઈ રહ્યું છે. આગામી સમયમાં બાય પાસ આવે છે કે કેમ?

એક્ઝિટ પોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપ ગઠબંધનને ૧૨૬માંથી ૮૧ બેઠક મળી શકે છે જ્યારે કોંગ્રેસને ૩૩ બેઠકો મળી શકે છે. ઈન્ડિયા ટુડેના એક્ઝિટ પોલમાં પણ આસામમાં કોંગ્રેસને ૨૬-૩૩ સીટો અને ભાજપને ૭૯-૯૩ બેઠકો મળી શકે છે. યુડીએફને ૬-૧૦ બેઠકો મળી શકે છે. પુડુચેરીમાં કોંગ્રેસ ગઠબંધનને ૧૪,

વિક્રમી મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનો ૪૮ કલાક પહેલા અંત આવી ગયો હતો. ચેન્નાઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ તમિળનાડુમાં ૨૩૪ વિધાનસભા બેઠક પર મતદાન ચાલી રહ્યુ છે. રાજ્યમાં પાંચ કરોડ ૭૯ લાખ મતદાર પૈકીના મોટા ભાગના મતદારો સવારે જ મતદાન કરવા માટે બહાર આવ્યા હતા. તમિળનાડુમાં મુખ્યમંત્રી પદના ચાર દાવેદાર સહિત ૩૭૭૬ ઉમેદવારોના ભાવિ આજે સવારે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જે ચાર ચાર મુખ્યમંત્રી પદના દાવેદારના ભાવિ આજે સવારે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા તેમાં જયલલિતા, કરુણાનિધિ, કે વિજયકાંત અને પીએમકેના અંબુમણિ રામદોસનો સમાવેશ થાય છે. એઆઈએનઆરસીને નવ બેઠકો મળી શકે છે. તમિળનાડુમાં જોરદાર સ્પર્ધા દેખાઈ રહી છે. અહીં ડીએમકેની વાપસી થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

ઈન્ડિયા ટુડેના એક્ઝિટ પોલમાં જયલલિતાના અન્નાદ્રમુકને ૮૯-૧૦૧ બેઠકો અને ડીએમકેને ૧૨૪-૧૪૦ બેઠકો મળી શકે છે. ભાજપને ત્રણ બેઠકો મળી શકે છે. ન્યુઝ નેશનના એક્ઝિટ પોલમાં તમિળનાડુમાં ડીએમકે ગઠબંધનની સરકાર બની શકે છે. આસામમાં ૨૦૧૧માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૭૮ અને ભાજપને પાંચ બેઠકો મળી હતી. આ રાજ્યોમાં પરિણામ ઉપર તમામની નજર રહેશે.

કેરળના એક્ઝિટ પોલમાં એલડીએફને ૭૮ અને યુડીએફને ૫૮ બેઠકો મળી શકે છે. ભાજપ અહીં પણ એન્ટ્રી કરી શકે છે. જુદા જુદા રાજ્યોમાં બહુમતિના આંકડા અને એક્ઝિટ પોલના તારણો આવી ગયા બાદ સામાન્ય લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે.

પરિણામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ૩૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ગુજકેટની પરિક્ષા આપી હતી. બોર્ડ દ્વારા આજે વિજ્ઞાન પ્રવાહની મહત્વની કસોટીનુ પરિણામ જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની ઈન્તેજારીનો અંત આવી ગયો છે. જો કે પરિણામ જાહેર થવાને હવે ગણતરીના કલાકો જ બાકી રહેતા વિદ્યાર્થીઓમાં ઉત્તેજના પ્રવર્તી છે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષા દરમિયાન બોર્ડ દ્વારા તમામ પરિક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવી હતી. જયારે કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરિક્ષા દરમિયાન કોપી કેસ પણ દાખલ કરવામાં આવ્યો હોય તેવા કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા હતા. સી સી ટી વી કેમેરાની વોચના આધારે ગેરરીતી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓના ફુટેજની ચકાસણી પણ બોર્ડના અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે.

બારણા લટકેલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૦૯ દરમિયાન લાખોના ખર્ચે ડિવિઝનલ કચેરીઓને મોડ્યુલર ફર્નિચર સાથે કોર્પોરેટ લુક આપવામાં આવ્યો હતો. જો કે આ કામગીરીના અંતે પણ કચેરીઓમાં પાર્ટીશન બનાવી દેવાતા કર્મચારીઓ હાલ આકરી ગરમીમાં ગુંગળામણ અનુભવી રહયા છે. બીજીતરફ ભવનના બીજા અને ત્રીજા મજલે ટોઈલેટ બ્લોકમાં પાણીની લાઈનો તુટી જતા લોબીમાં પણ પાણી ઉભરાય છે. ટોઈલેટ બ્લોકના બારણાં લટકેલી હાલતમાં છે. જેના લીધે ગમે ત્યારે પણ અકસ્માત સર્જાય તેવી દહેશત છે. ટોઈલેટ બ્લોકમાં વોશ બેઝિનની લાઈનમાં પાઈપો તુટી જતા સતત પાણીનો વ્યય થાય છે. જયારે ટોઈલેટ બ્લોકની સફાઈના અભાવે કર્મચારીઓ ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવી રહયા છે. પાટનગર યોજના ભવનની વિવિધ ડિવિઝનલ કચેરીઓના રીનોવેશનની કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાની સાથે તંત્રના ભ્રષ્ટ વહીવટનો ચિતાર નિહાળી મુલાકાતીઓનુ મોં પણ વંકાય છે. જયારે રોજબરોજની દુવિધાઓથી કર્મચારીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. ટોઈલેટ બ્લોકમાં જરૂરી સમારકામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ઝાડા-ઉલ્ટીના કેસ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંધ કરવા માટે પંચાયતને સૂચના અપાઈ હતી. ગામમાં પેયજળ માટે તાત્કાલિક પાણીના બે ટેન્કર મંગાવી અને સપ્લાય આપવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે જે ૧૧ દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે તેમાં પાંચ ને સઘન સારવારની જરૂર જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૩ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે ૩ દર્દી વડોદરા પ્રા.આ. કેન્દ્રમાં સારવાર હેઠળ છે. મળતી વિગતો પ્રમાણે આજે આ રોગચાળાની જાણ થતાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના પ્રમુખ શ્રીમતિ આશાબા રાઠોડ, કારોબારી સમિતિના ચેરમેન શ્રી અરવિંદસિંહ સોલંકી, પંચાયતી રાજના વિવિધ અગ્રણીઓ પણ વિરાતલાવડી મારતી ગાડીએ પહોંચ્યા હતા.

જ્યાં આરોગ્ય તંત્રની ટીમ દ્વારા ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આરોગ્ય તંત્રની ટીમ દ્વારા ગામમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે તેમજ ત્યાં ગામમાં ઓપીડી પણ શરૂ કરવામાં આવી છે.

આરોગ્યતંત્રની ટીમે ગામમાંથી પાણીના નમુના મેળવી તેની ચકાસણી માટે પાણી પુરવઠા વિભાગને મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્કૂલના નમૂના મોકલી અને કોલેરાની શંકાને પણ ચકાસણી માટે મોકલવામાં આવેલ છે. પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો આરોગ્ય વિભાગે દાવો કર્યો છે એટલુ જ નહિ બે દિવસમાં પરિસ્થિતિ પૂર્વવત બની જશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.

ચાલકનું મોત... ● ત્રીજા પાનાનું ચાલુ

ભત્રીજા રાજદીપસિંહ મધુર ડેરી ખાતે ફરજ બજાવે છે. આજે મધુર ડેરી ખાતે ફરજ બજાવીને રાજદીપસિંહ સાંજના સુમારે ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન અચાનક કલ્પતરુ પાવર સ્ટેશનના ગેટની બહાર નીકળીને ટાટા ચોકડી પાસે વળાંક લઈ રહેલા ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રેલરમાં કાર ઘુસી જતા કારમાં સવાર આશાસ્પદ યુવાનનું મોત નિપજયું હતું. આ અકસ્માતના સમાચાર વાયુવેગે વાસણ ગામમાં પરિવાર તેમજ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના આગેવાનોને મળતા તમામ લોકો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આશાસ્પદ યુવાનના પરિવારજનોએ હૈયાફાટ રુદન કરતા સમગ્ર સિવિલ કેમ્પસમાં ગમગીની છવાઈ જવા પામી હતી. જયારે વાસણ ગામમાં પણ શોકની કાલીમાં છવાઈ ગઈ હતી.

સમીક્ષા બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારોમાં રાહતકામો માટે ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ કેબિનેટની એક પેટા સમિતિની રચના કરી હતી અને એપ્રિલ-૨૦૧૬થી નિયમિત સમીક્ષા બેઠકો યોજીને રાજયની આ સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ રાજય સરકાર દ્વારા દુષ્કાળઅસર ગ્રસ્ત સ્થિતિને પહોંચી વળવા રાજય સરકારે લીધેલા લાંબાગાળાના પગલાંઓની પ્રધાનમંત્રીને જાણકારી આપી હતી. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સમગ્ર રાજયમાં વિશાળ પાયા પર જળ સંરક્ષણ કાર્યક્રમ રાજય પાણી પુરવઠા ગ્રીડ અને કેનાલ નેટવર્ક સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યા છે. જળસંચય અને જળસંરક્ષણ અંગેના રાજય સરકારના સક્રિય પરિણામકારી પ્રયાસોની વિસ્તૃત વિગતો આપતા આનંદીબેને પ્રધાનમંત્રીને જણાવ્યું કે રાજયમાં ૧.૬૮ લાખ ચેકડેમ, ૨.૪૪ લાખ ખેતતલાવડીઓ અને ૧.૨૫ લાખ બોરીબંધના નિર્માણથી ૪૨.૩ બિલિયિન ક્યુબેક ફીટ પાણીનો સંગ્રહ થઈ શકે તથા તેના દ્વારા ૬.૩૨ લાખ હેકટર જમીનને લાભ મળે તેવું આયોજન પાર પાડ્યું છે. મુખ્યમંત્રીએ આ બેઠકમાં પ્રધાનમંત્રી સાથેની ચર્ચામાં જણાવ્યું કે રાજયમાં ૭૭ ટકા ઘરોમાં પાણીની પાઈપલાઈન મારફતે પાણી પુરુ પાડવામાં આવે છે. સતત બે વર્ષથી રાજયમાં ઓછો વરસાદ પડ્યો હોવા છતાં પણ રાજય પાણી પુરવઠા ગ્રીડની શ્રેષ્ઠ કામગીરીને જરૂરિયાત ઉભી થઈ છે. પ્રધાનમંત્રીએ રાજય સરકારના પ્રયત્નોને બિરદાવી જે વિસ્તારોમાં પાણીની જરૂરિયાત હોય ત્યાં ટેન્કર મારફતે સંપૂર્ણપણે પાણી પહોંચાડવા જણાવ્યું હતું. આનંદીબેન પટેલે ઉમેર્યું કે, ગુજરાતમાં મનરેગા અંતર્ગત ૧ એપ્રિલ ૨૦૧૬થી આજ દિન સુધી ૧૮.૧૪ લાખ માનવ દિવસ માટે રૂ. ૧૦૫ કરોડ ચુકવવામાં આવ્યા છે. હાલ ૨.૭ લાખ શ્રમયોગીઓ મનરેગા તહેત કામ કરી રહ્યા છે અને તે વધીને દૈનિક ૩.૫ લાખે પહોંચવાની સંભાવના છે. તેમણે બેઠકમાં માહિતી આપી કે રાજય સરકાર દ્વારા દુષ્કાળઅસરગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીનો પુરવઠો પુરો પાડવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. રાજય સરકાર દ્વારા દુષ્કાળઅસર ગ્રસ્ત જિલ્લાઓમાં પશુઓ માટે ઘાસચારો રાહતદરેપ્રતિકિલો રૂ. ૨ના ભાવે ૧૨૦ ઘાસચારા વિતરણ કેન્દ્રો મારફતે વિતરણ કરવામાં આવે છે.

આદિવાડામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીના નમુના મેળવી ચકાસણી માટે મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ચોક-અપ ગટરલાઈનોની સફાઈ માટે જેટીંગ મશીન પણ કામે લગાડી દેવાયું છે.

મેયરશ્રીએ ગામમાં દવાનો છંટકાવ કરવાની સૂચના આપી સ્વચ્છતા અભિયાન સઘન બનાવવા માટે તંત્રની ટીમને આગ્રહ કર્યો હતો.

છેલ્લા એક સપ્તાહથી શહેરને સ્વચ્છ બનાવવાના મેયરના અભિયાનને આજે કાઉન્સીલરના પ્રયાસોથી નવો વેગ મળ્યો હોવાની ચર્ચા શહેરમાં ઉભી થવા પામી છે.

કંપની સમાચાર

ટોયોટા કિર્લોસ્કર મોટરે નવી ઈનોવા રજૂ કરી

ટોયોટા કિર્લોસ્કર મોટર (ટીકેએમ) આજે તેની સૌથી આતુરતાપૂર્વક જેની રાહ જોવાઈ રહી છે તે નવી ઈનોવા રજૂ કરી રહી છે. નવી ઈનોવાનો અત્યાધુનિક અવતાર ઈનોવાક્રિસ્ટા છે. નવી સ્ટાઈલ અને ટેકનોલોજી તથા નવી શોધથી સજ્જ ઈનોવાક્રિસ્ટા આ વર્ષની શરૂઆતમાં યોજાયેલા ઓટો એક્સપો-૧૬ મોટર શો ૨૦૧૬માં રજૂ કરવામાં આવી હતી.

તેની રેન્જમાં ૧૪,૧૨,૪૯૫ રૂપિયાથી ૨૨,૦૮,૪૩૦ રૂપિયા (એક્સ શો-રૂમ અમદાવાદ)ની કિંમત ધરાવતી નવી ઈનોવાક્રિસ્ટાની આજથી ભારતભરમાં કરવામાં આવશે. નવી ઈનોવાક્રિસ્ટા ઓટોમેટિક ટ્રાન્સમિશન (ઝેએક્સ અને જેએક્સ) બે ગ્રેડ્સ અને (ઝેડએક્સ, વીએક્સ, જીએક્સ અને જી) ટ્રાન્સમિશન સાથે ચાર ગ્રેડ્સમાં ઉપલબ્ધ રહેસે. ઈનોવાક્રિસ્ટામાં નવી ફ્રેમ અને ૨.૮ એલ ડીઝલ એન્જિન છે જેમાં પ્રથમ વખત સિક્વન્સીયલ શિફ્ટ સાથે નવા ૬ સ્પીડ ઓટોમેટિક ટ્રાન્સમિસન છે. આ ઉપરાંત નવા ૫ સ્પીડ મેન્યુઅલ ટ્રાન્સમિશન સાથે ૨.૪ એલ ડીઝલ એન્જિન છે.

ઈનોવાક્રિસ્ટા તેના વર્ગમાં ૧૭૪ પીએસ અને ૩૬૦ એનએમ ટોર્ક સાથે તેના વર્ગમાં શ્રેષ્ઠ પરફોર્મન્સ આપે છે. જ્યારે ૨.૮ એલ ૬ સ્પીડ ઓટોમેટિક ટ્રાન્સમિશનમાં પ્રતિ લીટર ૧૪.૨૯ની એવરેજ આપે છે અને ૨.૪ એલ ૫ સ્પીડ મેન્યુઅલ ટ્રાન્સમિશન વેરિયન્ટમાં ૧૫.૧૦ કિમી પ્રતિ લીટરની એવરેજ આપે છે. (એઆરએઆઈ સર્ટિફિકેશનના આધારે) શાનદાર લકઝરી અને પ્રયત્ન વગરના પાવરનું એકદમ સચોટ મિશ્રણ ધરાવતી ઈનોવાક્રિસ્ટા સ્પોર્ટસ યુટિલિટીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે જેમાં સ્ટાઈલ, ખડતલ એન્જિન અને અદ્‌ભૂત ફિચર્સ સામેલ છે. ટફ અને કલાત્મક એક્ટિરિયર, ભપકાદાર ઈન્ટિરિયર, શક્તિશાળી અને કાર્યક્ષમ પાવરટ્રેઈન તથા અદ્‌ભૂત લકઝરીથી સજ્જ નવી ઈનોવાક્રિસ્ટા નવા બેન્ચમાર્ક બનાવે છે. નવી ઈનોવાક્રિસ્ટાની લકઝરી તમને બેઠકરૂમમાં બેઠા હોય તેવો આરામદાયક અનુભવ કરાવે છે જે આ પહેલા ક્યારેય જોવા મળ્યો નથી.

ટોયોટા કિર્લોસ્કર મોટર પ્રા.લિ.ના ડાયરેક્ટર અને સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ (સેલ્સ અને માર્કેટિંગ) એન. રાજાએ જણાવ્યું હતું કે જ્યારથી ભારતમાં રજૂ કરવામાં આવી છે ત્યારથી ઈનોવા પોતાના સેગમેન્ટમાં હંમેશા નંબર વન રહી છે. નવા સેગમેન્ટ બનાવવા અને ભારતમાં એમપીવીએસથી સજ્જ ટોયોટા ઈનોવા એક આદર્શ બ્રાન્ડ છે. જે ટોયોટા માટે ફક્ત ગર્વની વાત નથી પરંતુ ભારતમાં છ લાખ કરતા વધારે ગ્રાહકો માટે પણ ગર્વની વાત છે. હવે નવી ઈનોવાક્રિસ્ટા સાથે અમે આ જ પ્રતિબદ્ધતાને અમારા ગ્રાહકો સુધી લઈ જઈ રહ્યા છીએ. ઈનોવા દમદાર પરફોર્મન્સ, ભવ્ય ફિચર્સ, આરામદાયકતા અને સૌથી મહત્વની વાત કે સલામતી પુરી પાડીશુ. નવી ઈનોવા ક્રિસ્ટા તમામ લોકોને રોમાંચિત કરી દેશે.

ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

અનુભવ જગતને વહેંચે છે. કવિને આથીજ ક્રાંતદ્રષ્ટા કહેવામાં આવે છે. કવિ કાગને પણ દેશ આઝાદ થયો તે પહેલા મહાત્મા ગાંધી તરફ અને દેશ સ્વાધીન થયો તે પછી વિનોબાજી તરફ અનેરું આકર્ષણ રહ્યું. રવિશંકર મહારાજના નિયમિત સંપર્કથી કવિએ ભૂદાન ચળવળને સંબંધિત અનેક લોકપ્રિય રચનાઓનું સર્જન કર્યું. ૧૯૫૫ માં મહારાજ મજાદર ગયા અને કવિ ભૂદાનના રંગે રંગાઈ ગયા. કવિ લખે છે કે રવિશંકર મહારાજના સત્સંગથી મનની મલિનતા દૂર ભાગે છે.

કોટી કર્મ કે પુણ્ય જબ
ઉદય હોત ઇક સંગ
છૂટે મનકી મલિનતા
અરુ ભાવે સત્સંગ
રવિશંકર કી મુરલીકો
રુચિર સુન્યો જબ રાગ
હુલસ્યો હિય ભૂદાનમેં
રીઝ્યો કાગ સુનાગ.

કવિની ગાંધી - વિનોબાના વિચારને ઝીલતી ભૂદાનમાળા એ કાગવાણીની શૃંખલાનો એક લોકપ્રિય બનેલો હિસ્સો છે. વિનોબાજીનું દર્શન અલેકીઓ તરીકે કરાવીને કવિએ મર્મસભર વાત કરી છે.

અલેકીઓ માગવા આવ્યો રે...
દેશ દબણનો બાવો...
થંભી જાજો તરવારીઆ...
કાં તરવાર સજાવો ?
તેગ તોપને ખાંડો ખાંડણિયે
દાતરડાં નીપજાવો... અલેકીઓ...

૧૯૩૮ માં કોંગ્રેસ મહાસભાની બેઠક જ્યારે દક્ષિણ ગુજરાતના હરિપુરા ગામે યોજવામાં આવી ત્યારે કવિ કાગે ગાંધીજીની ઉપસ્થિતિમાં 'મોભીડો' નામની તેમની પ્રસિધ્ધ રચના રજૂ કરી સૌની પ્રસન્નતા મેળવી હતી.

સો સો વાતુનો જાણનારો
મોભીડો મારો ઝાઝી
વાતુનો ઝીલનારો...
ઝીણી ઝૂંપડીએ ઝીણી આંખડીએ
ઝીણી નજરથી જોનારો
પોતે ચણેલામાં પોલ ભાળે તો
પાયામાંથી પાડનારો... ગાંધી મારો...

કાગવાણીની અનેક રચનાઓ દીર્ઘકાળ સુધી જીવંત રહે તેવા સત્વવાળી હોવાથી અનેક વાતો બુકફેરના કેટલાક પ્રસંગો દરમિયાન થતી રહી. અલગ અલગ રુચિ ધરાવતા અનેક સાહિત્યપ્રેમી લોકોએ કવિ કાગની રચનાઓ હમેશા માણી છે અને બીરદાવી છે. બુકફેરનું આયોજન આ રીતે ભાવક તથા સર્જક વચ્ચે સેતુનિર્માણનું કામ કરે છે. આપણાં અનેક પ્રકારના સાહિત્યની સમૃધ્ધિનું દર્શન નગરજનોને થાય તે માટે મહાનગરપાલિકાનો આ પ્રયાસ સ્તુત્ય તથા આવકારપાત્ર છે.